જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૮/૨૦૧૬ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી ૮૧ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૭ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૦/૧૬**

**ઓઢવ** : અશરફીલાલ રામનિહોર સરોજ (રહે.મોતી ભગતની ચાલી, હરણીયાવાસ પાસે, ઓઢવ) એ તા.૩/૮/૧૬ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૬/૧૬ બપોરનાં ૧/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી સંજય સવાભાઇ ગોહિલ (રહે.સરણીયાવાસ, વાલ્મીકીવાસ પાસે, ઓઢવ) એ અશરફીલાલની પુત્રી અંજુકુમારી (ઉ.વ.૧૭) ને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.એલ.દેસાઇ ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૧/૧૬**

**કૃષ્ણનગર : કૃષ્ણનગર વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષની યુવતીએ તા.૩/૮/૧૬ નારોજ કૃષ્ણનગર** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૭/૧૬ નાં કલાક ૪/૦૦ થી તા.૧/૮/૧૬ બપોરનાં ૪/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન ઘર નજીક રહેતો આરોપી રાહુલ કિશોરભાઇ પરમારે યુવતીને લગ્ન કરવાની લાલચ આપી, યુવતીને માઉન્ટ આબુ અને પાલી ખાતે લઇ જઇ, યુવતીની મરજી વિરૂધ્ધ બળજબરીથી અવાર-નવાર શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.આર.વાઘેલા ચલાવે છે.

ઉપરોક્ત ગુનાનાં કામે આરોપી રાહુલ કિશોરભાઇ પરમારને તા.૩/૮/૧૬ રાતનાં ૯/૫૦ વાગે પકડી અટક કરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૨/૧૬**

**વસ્ત્રાપુર** : **ભુપેંદ્રભાઇ નટવરલાલ અમીન** (ઉ.વ.૭૬)(**રહે, અચલ એપાર્ટમેન્ટ, આકાશનીમ બંગલાની પાછળ, નેહરુ ફાઉંડેશનની સામે બોડકદેવ**) એ તા.૩/૮/૧૬ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૭/૧૬ બપોરના ૩/૩૦ થી તા.૨/૮/૧૬ બપોરના ૩/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાની કુઇની દિકરી કોકિલાબહેન વાડીલાલ પટેલનાં **વસ્ત્રાપુર માનસી ચાર રસ્તા પાસે, કેશવબાગ રોડ, સુદર્શન બંગલો મ.નં ૧૦ ખાતે રહેતાં હતા જે હાલ વિદેશ ગયેલ હોઇ, સદર બંગલાનાં બેડરૂમની બારીની ગ્રીલ તોડી, અજાણી** વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના, ચાંદીનાં **વાસણો તથા રોકડ રૂપિયા ૫૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૩,૦૦૦/- મતાની ચોરી** કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી **કે.કે.રાઠોડ** ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૪૨૩/૧૬**

**રિવરફ્રન્ટ વેસ્ટ** : વિનોદભાઇ રસીકભાઇ પરમાર (ઉ.વ.૨૭)(રહે.રણછોડપાર્ક સોસાયટી, ઇસનપુર) તા.૩/૮/૧૬ નાં કલાક ૯/૧૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીનાં પશ્ચીમ કિનારે ઘાટ નં.૩ પાસે નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

**વટવા** : **સપના ડોઓ મુકેશભાઇ વર્મા** (રહે.રેલવે કોલોની, વીંઝોલ ક્રોસીંગ પાસે, વટવા) એ કોઇ કારણસર તા.૩/૮/૧૬ નાં કલાક ૧૨/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.ગોહીલ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)